વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

દલુભાઈ કરશનભાઈ પટેલ
(૧૯૩૩) ફોન : ૨૩૨ ૩૭૧૨૧

સોના પ્રકરણ : એક કિલો સોના અંગે કડી મળી નથી

અમદાવાદ, તા.૭

નારણપુરા ખાતે પોલીસે સોનું ગૂમ થવાના કેસમાં ગેરેજ માલિક અશ્વિન શુકલ સહિત નવ લોકોની ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરી હોવા છતાં હજી સુધી એક કિલો સોનાનો કોઈ જ પત્તો લાગ્યો નથી. નારણપુરા વિસ્તારમાં આવેલા પ્રગતિનગરની સિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતા અને કૃષ્ણનગર ન્યૂ ગણેશ વિદ્યાલય નજીક આવેલા સહજાનંદ કોમ્પલેક્સમાં સિક્યોરિટી ટ્રાન્સ.પ્રા.લિ.નામની કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા બકુલ નરેન્દ્રભાઇ મહેતા (ઉ.વ.૪૬)એ નારણપુરા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી કે ન્યૂયોર્કની ન્યૂ મોનિક સિક્યોર લોજિસ્ટિક પ્રા.લિ. નામની કંપનીમાંથી મુંબઇની નોવા સ્ટેનિયા બેંકમાં મોકલવા માટે ૫૦૦ કિલો ગ્રામ સોનું આવ્યું હતું. એક બોક્સમાં ૨૫ કિલો એવા ૨૦ બોક્સ આવ્યા હતા. આ બોક્સ એક કાર મારફતે એરપોર્ટ પરથી ઓફિસ પર આવ્યા હતા. જેને એક ગાડીમાં મૂકી કંપનીના માણસો મુંબઇ જવા માટે રવાના થયા હતા. ગાડીમાં ડીઝલ ભરાવાનું હોવાથી ગાડી રાતે ૯ વાગ્યે ઓફિસ પરથી રવાના થઇ શાસ્ત્રીનગર શાક માર્કેટ પાસેથી પસાર થતી હતી. ત્યારે ગાડીમાં સવાર સુપરવાઇઝર જયેન્દ્રસિંહને શંકા ગઇ હતી કે, ગાડીમાંથી કંઇક નીચે પડી ગયું છે. જેથી ગાડી થોભાવી હતી.દરમિયાનમાં ૨૫ કિલો સોનાનું એક બોક્સ ગાયબ થઇ ગયું હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગેના સમાચારો ગઈ કાલે અખબારોમાં પ્રસિદ્ધ થતાં વરદાન ટાવર પાસે અંકિત ઓટો ગેરેજ ધરાવતા અશ્વિન શુકલા નામની વ્યક્તિ ૨૩ કિલો સોનું લઈને પોલીસ મથકે આવી હતી અને પીઆઈ એન. ડી. સોલંકીને રોડ પર પડી ગયેલું સોનું પોતાને મળ્યું હોવાનું જણાવ્યું હતું. જો કે બે કિલો સોનુ ગુમ હોવાથી સોનું લઈને આવનાર શખ્સ સામે જ પોલીસને શંકા ઉપજી હતી અને તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી.

ગુજરાત હિત પાર્ટી ૧૨૦ બેઠકો પર ચૂંટણી લડશે : ભીમજીભાઈ પ્રજાપતિ

ગાંધીનગર, તા. ૭

આગામી વિધાનસભાની ચૂંટણીને લઈ તમામ રાજકીય પક્ષો ચૂંટણી કામગીરી માટે તૈયાર થઈ રહ્યા છે ત્યારે નવનિર્મિત ગુજરાત હિત પાર્ટી એ પણ કુલ ૧૨૦ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખી ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે. મળતી માહિતી અનુસાર ગુજરાત હિત પાર્ટીના વિકાસ કામોની હારમાળાના મુદ્દાઓને લઈ શહેર-શહેર, ગામડે-ગામડે, ગલી-ગલીમાં નાગરિકોના કાનો સુધી પહોંચાડીશુ અને ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરી દેવામાં આવશે, ૫૦ ટકા વીજળીમાં રાહત, મફત શિક્ષણ, મફત દવાઓ, પોલીસકર્મીને રોજગારી ભથ્થુ, ગરીબને પોતાનું ઘર, બેરોજગાર યુવકને નોકરી જેવા અનેક વાયદાઓ પુરા કરવામાં આવશે તેમ ગુજરાત હિત પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

જસદણમાં કોંગ્રેસનું સંમેલન યોજાયુ

ભાજપ બક્ષીપંચ વિરોધી માનસિકતાથી પીડાય છે

સરકારના અણઘડ વહીવટથી લોકોનું ધ્યાન બીજે દોરવા જ ઉત્સવોઃ કોંગ્રેસ

અમદાવાદ, તા. ૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ રાજકોટ જિલ્લા જસદણ ખાતે વિશાળ સંમેલનને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, શાસનમાં બક્ષી પંચોના હકો છીનવવામાં આવ્યા છે. કોંગ્રેસના અગાઉના શાસનમાં ગુજરાતના બક્ષીપંચના લોકોને પૂરતો હક્ક અને ન્યાય આપવામાં આવતા હતા.ભાજપ સરકારમાં દલિત અને બક્ષીપંચ સાથે બક્ષીપંચને અન્ય સાથે લડાવીને ભાજપ નિમ્નકક્ષાનું રાજકારણ ખેલી રહી છે. ભાજપના શાસનમાં પોલીસ સ્ટેશનોમાં ગુંડાઓને સન્માન મળે છે. બીજી સામાન્ય માણસની ફરિયાદ પણ લેવામાં આવતી નથી. ગુજરાતમાં પાયાના પ્રશ્નોની અનદેખી કરવામાં આવે છે અને લોકોને સુવિધાઓ પહોંચાડવાને બદલે ઉત્સવો કરવામાં આવી રહ્યા છે. પરિણામે લોકોના પ્રશ્નોનો ઉકેલ થતો નથી.મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ગાંધીનગરમાં બેઠેલી સરકાર વિકાસના નામે પ્રજાને છેતરવાનો પ્રયાસ કરે છે. ખેડૂતોને પીવાનું પાણી, ગામતળની જમીનો, ૧૦૦ વારના પ્લોટ, ખેતી માટે વીજ જોડાણો આપવામાં આવતા નથી. જ્યારે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન આવશે તો તમામ વર્ગને તેમના ન્યાયિક હક્કો આપવામાં આવશે.

માહિતી ન આપનાર છ સ્કુલોને નોટીસો અપાઈ

અમદાવાદ, તા.૭

અમદાવાદની છ સ્કુલોને મુખ્ય માહિતી અધિકારી દ્વારા નોટીસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ સ્કુલો પાસે આરટીઆઈ અંતર્ગત માહિતી માંગવામાં આવી હતી પરંતુ તેમણે માહિતી આપી ન હોઈ તેમની સામે અપીલ કરાતાં અંતે સ્કુલો સામે નોટીસ કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગોતાની શેઠ અમુલક, ઘાટલોડીયાની ત્રિવેણી વિદ્યાલય, શેઠ આર. ટી. સ્કુલ, વસ્ત્રાલની ભાવના સ્કુલ, રાણીપની ગીતા હાઈસ્કુલ તથા ન્યૂ ગાયત્રી સ્કુલમાં એક આરટીઆઈ એક્ટિવીસ્ટે આરટીઆઈ કરી માહિતી માંગી હતી. પરંતુ આ સ્કુલો દ્વારા માહિતી આપવામાં આનાકાની કરાતાં અંતે તેમણે આ અંગે મુખ્ય માહિતી અધિકારી સમક્ષ અપીલમાં અરજી કરી હતી. જેની સુનાવણી દરમ્યાન મુખ્ય માહિતી અધીકારીએ આ છ સ્કુલો સામે નોટીસ કાઢી હોવાનું જાણવા મળે છે.

ડિપ્લોમા મિકેનિકલના વિદ્યાર્થીઓ

ડીગ્રી એરોનોટીકલમાં પ્રવેશ માટે લાયક હશે

અમદાવાદ, તા.૭

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટેની કાર્યવાહી ચાલી રહી છે, જેમાં વાસદની એસવીઆઇટી કોલેજમાં એરોનોટીકલ એન્જિનિયરીંગની બેઠકો ખાલી પડી હોઈ આ બેઠકો પર પ્રવેશ માટે મિકેનિકલ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ લાયક ગણાશે તેવી સ્પષ્ટતા એડમિશન કમિટી દ્વારા કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ડિપ્લોમાંથી ડિગ્રીની પ્રવેશ કાર્યવાહી દરમ્યાન વાસદની કોલેજમાં એરોનોટીકલ એન્જિનિયરીંગની બેઠકો ખાલી રહેવા પામી હતી. આ બેઠકો ભરવા માટે કાર્યવાહી દરમ્યાન એરોનોટીકલ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ ન મળ્યા.

હવે આ બેઠકો પર મિકેનિકલ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને પણ પ્રવેશ ફાળવવાનું નક્કી કરાયું છે. જેના માટે એડમિશન કમિટીએ સ્પષ્ટતા કરી છેકે મિકેનિકલના વિદ્યાથીઓ એરોનોટીકલમાં પ્રવેશ માટે લાયક ગણાશે. આથી આ બેઠકો પર મિકેનિકલના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વાયુસેનાના શહીદોની ધર્મપત્ની (વીર નારી)ઓને સન્માનવાનો એક કાર્યક્રમ ગાંધીનગર એરફોર્સ સેન્ટર ખાતે તાજેતરમાં યોજાયો હતો. પ્રસ્તુત તસવીરમાં વીર નારીને સન્માની રહેલાં **AFWWA**નાં પ્રમુખ લીલા ગોગોઈ દ્રશ્યમાન થાય છે.

રૂ. ૧૦ની ચલણી નોટનું સ્થાન હવે સિક્કો લેશે

રૂ. ૧-૨ અને ૫ની નોટની જેમ રૂ. ૧૦ની નોટ હવે ભૂતકાળ બની જશે

ગાંધીનગર, તા.૬

હાલ રૂ.૧-૨ની ચલણી નોટો અસ્તિત્વમાં જ નથી. રૂ.૫ની નોટો પણ વિદાય લઈ રહી છે ત્યારે ટૂંક સમયમાં રૂ. ૧૦ની ચલણી નોટો પણ ભૂતકાળ બની જશે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રૂ.૧૦ની ચલણી નોટના સ્થાને રૂ.૧૦ના સિક્કા જ બહાર પાડવાનો નિર્ણય લીધો છે. જો કે બેન્કોએ તેનો વિરોધ કર્યો છે. રૂ.૧, ૨ અને ૫ના સિક્કા સ્વીકાર્ય બન્યા છે. પંરતુ રૂ.૧૦નો સિક્કો સ્વીકાર્ય બનશે નહીં. રીઝર્વ બેંકે છેલ્લા ઘણા સમયથી રૂ.૫ની ચલણી નોટ છાપવાનું બંધ કર્યું છે. હાલ જે નોટો ચલણમાં છે તે ઘસાતી જાય છે છતાં પૂરતા સિક્કા ઉપલબ્ધ ન હોવાથી ઘણાં સ્થળોએ પ્લાસ્ટીકમાં પેક કરીને તેને ચલાવાય છે. રીઝર્વ બેંકના ગર્વનર ડી. સુબ્બારાવે તાજેતરમાં એક મુલાકાતમાં કહ્યું હતું કે રૂ. ૫ની જેમ રૂ.૧૦ની ચલણી નોટ પણ તબક્કાવાર ચલણમાંથી પરત ખેંચવાની વિચારણા ચાલી રહી છે. જો કે બેન્કો તેનો વિરોધ કરી રહ્યા છે.

અગાઉ જયારે રૂ.૧-૨ની ચલણી નોટો પાછી ખેંચાઈ તે સમયે પણ આવો જ વિરોધ થયો હતો. તબક્કાવાર તે સ્વીકારી લેવાયા. રૂ. ૫ની નોટો તેનું અસ્તિત્વ ગુમાવી રહી છે ત્યારે ટુંક સમયમાં રુ. ૧૦ની નોટો અદશ્ય થઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. હાલમાં બજારમાં પરચુરણની ખુબ અછત જોવા મળી રહી છે. સિક્કાઓ મળતા જ નથી. આવા સમયે રૂ.૧૦ની નોટોને છાપવાનું બંધ કરતા પહેલા રૂ.૧૦ના સિક્કા બજારમાં પુતા પ્રમાણાં ઉપલબ્ધ થાય તેવું રીઝર્વ બેંક ઈચ્છી રહી છે. જેથી કરીને કોઈ તંગી સર્જાય નહીં. હાલમાં રીઝર્વ બેંક અલગ અલગ પ્રકારની ૧૧-૧૨ અબજની કિંમતી ચલણી નોટો અને છ અબજના સિક્કા જારી કરે છે. હાલમાં રૂ. ૭૬ કરોડની કિંમતના રૂ.૧૦ના સિક્કા ઉપલબ્ધ છે. રિઝર્વ બેંક તબક્કાવાર આ જથ્થો વધારતા જશે. રીઝર્વ બેંક રૂ.૧૦ની ચલણી નોટો અને સિક્કા બંને બજારમાં સાથે રહે તેવું ઈચ્છતી નથી. આ ઉપરાંત હાલની કાગળની ચલણી નોટોના સ્થાને પોલીમર્સની ચલણી નોટો જ ઉપલબ્ધ બને તે માટેનો પાઈલોટ પ્રોજેક્ટ બનાવી રહી છે એક વખત તે ફુલપ્રુફ જણાશે કે તુર્ત જ અમલી બનાવી દેવાશે.

બ્રહ્મ સમાજનું રાજ્ય સ્તરનું થયેલું સંમેલન

અમદાવાદ તા.૭

કોંગ્રેસની વિચારધારામાં માનવારા બ્રહ્મ સમાજનું રાજ્ય કક્ષાનું સંમેલન આજે આમદાવાદમા નરોત્તમ ઝવેરી હોલ પાલડી ખાતે યોજાયું હતું જેમાં કોંગ્રેસને વિજયી બનાવવાનું આહ્વાન કરવામા આવ્યું હતું.કોંગ્રેસ બ્રહ્મ પરિવારના સંયોજક જગત શુકલ, પ્રકાશભાઈ દવે, જગદીશભાઈ દવે અને જે.કી ઠાકરે જણાવ્યું હતું કે આગામી વિધાનસભાની ચુંટણીને અનુસરીને કોંગ્રેસ પક્ષ તરફી વધુ મતદાન થાય તે માટે સંમેલન યોજવામાં આવ્યુ છે. આ સમેલનમાં બ્રહ્મ સમાજને ટિકિટ અપાવવામાં આવે એવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સંમેલનમાં બ્રહ્મ સમાજના આગેવાનોએ અન્ય જાતિઓની જેમ બ્રહ્મ સમાજને ટિકિટ આપવા પ્રદેશ અને હાઈકમાનને રજુઆત કરાશે એવી હૈયાધારણા આપવામાં પણ આવી છે. સંમેલનમાં ઉપસ્થિત બ્રહ્મસમાજના કાર્યકરોએ કોંગ્રેસના કોઈપણ જાતિના ઉમેદવારોને જિતાડવા માટે ખાતરી આપી હતી. તેમજ ભાજપની સરકારમા બ્રહ્મ સમાજને થયેલા અન્યાયની આલોચના કરવામાં આવી હતી.

આજે જિલ્લામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘરના ઘરની યોજનાના ફોર્મ લઈ આવી હશે તેના સ્વીકારનો પ્રારંભ કરાવશે. મોઢવાડિયાના આ સંમેલનમાં કોઈ રાજકીય જાહેરાત કરે તેવી સંભાવનાઓ પણ રહેલી છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શ્રી મોઢવાડિયા સમયની અનુકૂળતા રહેશે તો ચિલોડા ખાતે પણ ગાંધીનગર(દ) બેઠકના ગ્રામ્ય વિસ્તારની બહેનોના ફોર્મ સ્વીકૃતિ કાર્યક્રમાં હાજરી આપશે. જિલ્લાની પાંચેય બેઠકો પર આજે આ યોજનાના ફોર્મ સ્વીકારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

બીજી તરફ મુખ્યમંત્રી શ્રી મોદીની વિવેકાનંદ યાત્રા પણ ગાંધીનગર જિલ્લામાં આજે પ્રવેશ કરી રહી છે. આ યાત્રા જિલ્લાના પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં ફરવાની છે. ભાજપ દ્વારા પણ આ અંગે જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા બાદ જિલ્લામાં પ્રથમવાર તેઓ રાજકીય યાત્રા લઈ આવી રહ્યા હોવાથી કાર્યક્રમોમાં ઉત્સાહ છે. દહેગામની પેટા-ચૂંટણીમાં ભાજપના વિજય બાદ તેઓ રાજકીય કાર્યક્રમમાં પહેલીવાર જઈ રહ્યા છે. જો કે ગરીબ કલ્યાણ મેળામાં તેમણે હાજરી આપી હતી.

ગાંધીનગર જિલ્લાના ભાજપ દ્વારા કરાયેલા વિશ્લેષણમાં 'સી' કેટેગરીમાં પાંચેય બેઠકો મુકવામાં આવી છે પણ મુખ્યમંત્રીશ્રીની આ યાત્રા પછી જિલ્લાના રાજકીય સમીકરણોમાં બદલાવ આવશે તેવું મનાઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી મોદી આ યાત્રા દરમ્યાનના સંબોધનોમાં કોંગ્રેસ પર ચાબખા મારશે એટલુ જ નહિ પણ જિલ્લાના વિકાસને લક્ષમાં રાખી કોઈ મોટી જાહેરાત કરે તેવી શક્યતાઓ પણ નકારાતી નથી.

દરમ્યાન બન્ને મહત્વના નેતાઓ એક સાથે જિલ્લામાં હોવાથી જિલ્લા તંત્રના અધિકારીઓની પણ એક મહત્વની બેઠક આજે રજા હોવા છતાં મળી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી બંદોબસ્ત અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી.

ચૂંટણીની આચારસંહિતાના અમલને લઈ સ્ટેટીક સર્વેલન્સ ટીમ સહિતની ટીમોને પણ પુરી તકેદારી રાખવા માટે તાકીદ કરવામાં આવી છે.

ચૂંટણી માટે તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ આરંભી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ પૂરવણી મતદારયાદી માટેની તૈયારીઓ પણ શરુ કરી દેવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા રોજે રોજ તંત્રને મળી રહેલી સૂચનાઓના અમલીકરણને લઈ પણ બેઠકોનો સિલસિલો આરંભી દેવાયો છે.

બીજી તરફ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી અનીતા કરવાલ દ્વારા ચૂંટણીની તૈયારીઓ અંગેની સમીક્ષાને લઈ આજે વિડીયો કોન્ફરન્સ પણ યોજાનાર છે.

તંત્રમાં જયાં જુઓ ત્યાં હાલ માત્રને માત્ર ચૂંટણીની કામગીરી જ હાથ પર જોવા મળી રહી છે. આમ સમગ્ર તંત્ર ચૂંટણીના મિશન મોડ પર મુકાઈ ગયું છે.

ઉમેદવારોની પસંદગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. ભાજપની કોર કમિટી દ્વારા જિલ્લા નિરીક્ષકોના નામો નક્કી કરી દેવાયા છે. નિરીક્ષકો જિલ્લાઓમાં જઈને સ્થાનિક આગેવાનોને મળ્યા બાદ નામોની પેનલો તૈયાર કરીને પ્રદેશ કમાન્ડને સોંપાશે. મુખ્યમંત્રી યુવાનો અને મહિલાઓને સૌથી વધુ ટિકીટો આપવાનો મત વ્યક્ત કરી રહ્યા છે. તેમજ નવા ચહેરાઓને સ્થાન આપવાના પણ આગ્રહી છે. પરંતુ વિવિધ સમીકરણોનો અભ્યાસ કર્યા બાદ જ ઉમેદવારોના નામોની પસંદગી કરાશે. જ્યારે કોંગ્રેસ દ્વારા નિરીક્ષકોને જે તે વિસ્તારોમાં મોકલીને પેનલો તૈયાર કરી દેવામાં આવી છે. પ્રદેશ કમાન્ડે પેનલોની યાદી હાઈકમાન્ડને મોકલી આપી છે. આગામી તા. ૧૦મી ઓક્ટોબરે દિલ્હીમાં સ્ક્રુટીની કમિટીની બેઠખ મળશે. આમ બન્ને રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગીની કવાયત શરૂ કરી દીધી છે. નવરાત્રિ બાદ ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવશે.

ભાજપની વિકાસયાત્રા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહેમદાવાદ ખાતે જાહેર સભા યોજાશે. મહેમદાવાથી સ્વાગત ઝીલતી યાત્રા હીરાપુર ચોકડી, વીંઝોલ સર્કલ, વસ્ત્રાલ સર્કલ થઈ અમદાવાદ શહેરમાં નિકોલ ખાતે યાત્રાનું બપોરે ૧.૦૦ કલાકે સ્વાગત સન્માન થશે અને સભા યોજાશે.વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા નિકોલથી દહેગામ જશે. જ્યાં નહેરુ ચોકડી, સુરજ ચેમ્બરની પાછળ બપોરે ૩.૩૦ કલાકે સભા યોજાશે. દહેગામથી યાત્રા ચિલોડા, પેથાપુર સન્માન ઝીલતી માણસા એપીએમસી પહોંચશે.

માણસા સભા સંબોધી યાત્રા ગોઝારીયા ખાતે સભા સંબોધશે.૯મી ઓક્ટોબરના રોજ વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા સવારે ૧૦.૦૦ વાગે થરાદથી ધાનેરા, ડીસા, પાલનપુર, વડગામ, ખેરાલુ થઈ સિદ્ધપુરમાં પહોંચશે. ૯ ઓક્ટોબરના રોજ યાત્રા બનાસકાંઠા, મહેસાણા અને પાટણ ત્રણ જીલ્લામાં જનસંપર્ક કરશે.

શબ્દાવલી - ૪૮૬૪



આડી ચાવી

૧. વળાવવું, ... આપવી (૩)
૩. ડર, બીક, ભય (૨)
૬. બડાઈખોર જેવો એક શબ્દ, અંટીમાર (૪)
૮. દાડમનું વૃક્ષ (૪)
૧૦. શિયાળામાં ગુંદર વગેરેનો પાક બનાવે તે (૩)
૧૧. મહોર, છાપ (૩)
૧૨. સવાર, પરોઢ (૨)
૧૩. ક્ષાર, વેર (૨)
૧૫. ગુંડાગીરી (૪)
૧૮. દબાવવું તે, ... કરવું (૩)
૨૦. ચારે બાજુ ચર્ચા, પડપૂછ (૪)
૨૧. જુદું તારવવું તે (૪)

ઊભી ચાવી

૧. દુઃખ (૩)
૨. અનાથ બાળક (૩)
૩. લાંબુ રોકાણ કરે તેને તે સ્થળે... નાખ્યા કહેવાય (૩)
૪. પડખું, પાસુ (૪)
૫. ભૂસું, ચેવડો (૩)
૭. જીવ-જંતુનો ઉપદ્રવ થાય ત્યારે છંટાતી એક દવા (૩)
૯. ...મારો તો જ ગધેડા સીધા ચાલે(૩)
૧૨. જેની સાથે સગાઇ થઈ હોય તેવી કન્યા (૪)
૧૪. રબારી કોમની સ્ત્રી (૪)
૧૫. રાક્ષસ (૩)
૧૬. ભરચક, ભીડવાળું (૨)
૧૭. બેકરી 'શબ્દ આડો અવળો' (૩)
૧૯. 'જા ટળ' જેવા ભાવવાળો શબ્દ (૨)

શબ્દાવલી ૪૮૬૩ના જવાબ

આડી ચાવી :- (૧) અરેરાટી (૪) કલહ (૬) વલુર (૮) શાકણ (૯) તાલમેલ (૧૧) હતાશ (૧૨) અવળુ (૧૪) મરઘડો (૧૬) તસ્કર (૧૮) ઘર (૨૦) કરમ (૨૧) વાણી

ઊભી ચાવી :- (૧) અગ્નિશામક (૨) રાવણહથ્થો (૩) ટીલુ (૫) હમાલ (૭) રતાશ (૧૦) મેળાવડો (૧૨) અઘરણી (૧૩) ભાસ્કર (૧૫) રઘવા (૧૬) તક (૧૭) રમ (૧૯) હક્ક